## ડીસાની શાસ્ત્રીજી મહારાજ ગૌશાળામાં પુણ્યતિથિ નિમિત્તે હવન યોજાયો



દર વર્ષેની જેમ આ વર્ષે પણ શ્રી શાસ્ત્રીજી મહારાજ ગૌશાળામાં ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારીના બે વર્ષ બાદ પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની નવમી પુણ્યતિથિ નિમિત્તે સુરેશભાઈ મહારાજના યજમાન પદે હોમ હવન યજ્ઞ જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં સંતો મહંતો અને ભક્તો સહિત ડીસા શહેર તથા આજુબાજુના ગ્રામીણ વિસ્તારની ધર્મપ્રેમી જનતાએ હોમ હવન યજ્ઞ અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો રાત્રે જલારામ સત્સંગ મંડળ દ્વારા ભજન સત્સંગ કીર્તન સ્તવન ગરબા સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ પુણ્યતિથિ ઉજવણી કાર્યક્રમ નિમિત્તે ગૌશાળાના ટ્રસ્ટીઓમા શશીકાંતભાઈ ઠક્કર, ભરતભાઈ ભાવિક, મહેશભાઈ ઉડેચા, અજયભાઈ માળી, કમલેશભાઈ ઠક્કર સહિત નામી અનામી મહાનુભાવો હોદેદારો કાર્યકરો અને ડીસા નગરપાલિકાના સદસ્યો અને ગૌ સેવકો ઉપસ્થિત રહ્યા હતા વધુમાં ઉલ્લેખનીય છે કે જલારામ સત્સંગ મંડળ દ્વારા ભજન સત્સંગની ભાઈઓ બહેનો દ્વારા રમઝટ બોલાવવામાં આવી હતી.

## કાળઝાળ ઉનાળો : જિલ્લામાં ભીષણ ગરમી પ્રકોપથી ૬૦૦ થી વધુ પશુ-પક્ષી ડી-હાઈડ્રેશનનો શિકાર



ભીષણ ગરમી પ્રકોપથી બચવા પ્રજાએ ઉપાય શોધ્યા પરંતુ મૂંગા પશુ-પક્ષીઓની બાબતમાં ચિંતા કરવામાં આવી ન હતી. છેલ્લા ૧ મહિનામાં સાબરકાંઠા, અરવલ્લીમાં ૬૦૦ થી વધુ પશુ-પક્ષી ડી-હાઈડ્રેશનનો શિકાર બન્યા છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષીઓના મોત નિપજ્યાની આશંકા સેવાય છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે માર્ચ, એપ્રિલ, મે. મહિનામાં ગરમીના પાછલા ૨ દાયકાના તમામ રેકર્ડ તૂટ્યા છે. સતત વધતી ગરમીથી કબૂતર, ચકલી, કાબર, પોપટ, ગાય, ભેંસ અને થાન સહિત અનેક પશુઓને લૂ લાગવી તથા ડી-હાઈડ્રેશનની અસર વર્તાઈ હતી. જિલ્લાના પશુ ચિકિત્સકોના જણાવ્યા અનુસાર અસહ્ય ગરમીમાં મૂંગા પશુ-પક્ષીઓમાં ડીહાઈડ્રેશનનું પ્રમાણ વધુ જોવા મળતું હોય છે. યોગ્ય પ્રમાણમાં છાંયડો તેમજ પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ઉનાળામાં સમયસર ન મળે ત્યારે પશુ-પંખીઓ ઉપર તેની વિપરીત અસર થાય છે અને તેના કારણે પશુ-પંખી ક્યારેક ગંભીર હાલતમાં સરી પડતા હોય છે. જિલ્લાના બાયડ, મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં પશુ-પક્ષી ડીહાઈડ્રેશનનો શિકાર બન્યાનું જાણવા મળ્યું છે. જીવદયા પ્રેમી સંસ્થાના કાર્યકરોએ પણ ઉનાળા દરમ્યાન અનેક પક્ષીઓ ઉડાણ ભરી શકવાની સ્થિતિમાં ન હતા તેમને અમે પશુ ચિકિત્સકો પાસે સારવાર અપાવી નવજીવન આપ્યાનું પણ જણાવી રહ્યા છે.

## ધાનેરા નેનાવા હાઈવે પર અકસ્માતમાં ભાગી છૂટેલા બસનાં ડ્રાઈવરને રાજસ્થાનથી ઝડપી લીધો



બનાસકંઠા જિલ્લાના ધાનેરા નેનાવા નજીક ગતરોજ થયેલ માર્ગ અકસ્માતમાં પાંચ નિર્દોષોને મોતના મુખમાં ધકેલી દેનાર ગણતરીના કલાકોમાં જ બસ ડ્રાઈવરને ઝડપી લેતા ધાનેરા ના લોકોએ પણ પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી વી ડોડીયા તેમજ તેમની ટીમ ની કામગીરી ને બિરદાવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, ગઈકાલે ધાનેરા તાલુકાના વિન્છીવાડી ગામ પાસે બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં રિક્ષામાં બેઠેલા પાંચ જેટલા લોકોના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. તો ચાર જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અકસ્માત બાદ ચાલક બસ મુકી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાને લઈ ધાનેરા પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તમામ મૃતદેહોને પીએમ અર્થે રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અને તે બાદ ગુનો નોંધી ધાનેરા પોલીસ ઈન્સ્પેકટર તેમજ તેમની ટીમ દ્વારા ફરાર બસ ચાલકને શોધવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા .ગણતરીના કલાકોમાં જ બસના ડ્રાઈવરને રાજસ્થાનથી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ગણતરીના કલાકોમાં જ બસ ડ્રાઈવરને ઝડપી લેતા ધાનેરાના લોકોએ પણ પોલીસની કામગીરીને બિરદાવી છે.

## ધાનેરા ધારાસભ્ય પૂર્વ ધારાસભ્ય સહિત કોંગ્રેસ અગ્રણી ભેગા મળી ધાનેરા ગૌશાળા ખાતે ગૌમાતાનું પૂજન કરી ગૌમાતાને ઘાસ ખવડાવ્યું



ધાનેરાની ગૌસમૃદ્ધિ હોસ્પિટલ ખાતે આજે ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ ધાનેરા ના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ હરિસિંહ રાજપુત હરચંદભાઈ રબારી કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી ના જન્મદિવસ નિમિત્તે ધાનેરામાં ગૌમાતાનું પૂજન કરી ગૌમાતાને ઘાસ ખવડાવી જન્મદિવસની ઉજવણી કરી.

# હિંમતનગર-ઈડર બાયપાસ હાઈવે ઉપર વરસાદ પહેલા જ રોડ બિસ્માર બન્યા : વાહનચાલકો ત્રાહિમામ

**રસ્તાઓની બિસ્માર હાલતના પગલે રોડની કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકા : મોટી સંખ્યામાં અવરજવર કરતાં વાહનચાલકો દ્વારા વહેલી તકે સમારકામ કરવામાં આવે તેવી માંગ**

બાયડ તા.૧

સાબરકાંઠા જિલ્લામાં હજુ ચોમાસાની શરૂઆત થઈ નથી એ પહેલા જ જિલ્લાના વડામથક હિંમતનગર તાલુકાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લાખો કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા રોડ રસ્તાઓની હાલત ખખડધજ થઈ હોવાથી વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. હિંમતનગર - ઈડર બાયપાસ હાઈવે રોડ ઉપર આવેલ બહેરા મૂંગા શાળા પાસે થી પસાર થતા રોડ ઉપર સરકારી તંત્ર દ્વારા તાજેતરમાં એક સપ્તાહ અગાઉ ડામર પાથરવામાં આવ્યો



હતો રોડ ઉપર પાથરવામાં આવેલો ડામર નો માલ ગણતરીના દિવસોમાં જ ઉખડી જતા રોડ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયેલ છે જેને પગલે મોટી સંખ્યામાં અવરજવર કરતા વાહન ચાલકોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે થોડાક દિવસો અગાઉ આ બિસ્માર માર્ગ ઉપર બે વાહનો વચ્ચે અકસ્માત થતાં વાહન ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા આ માર્ગ ઉપર રોડ ઉપર પથરાયેલી કપચી અને બિસ્માર રોડ ના પગલે વાહનચાલક જરાપણ ગફલત ભરી રીતે ચલાવે તો સ્લીપ ખાઈ જવાની સ્થિતિ અહીં રોજની બની ગઈ છે જેથી સરકારી તંત્ર દ્વારા સત્વરે રોડની સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી તેવી લોક માંગ પ્રબળ બની છે

# હિંમતનગર માહિતી કચેરીમાંથી વયનિવૃત થતા જી.એસ.મન્સુરીનો વિદાય સમારોહ યોજાયો

**૩૮ વર્ષ દિર્ઘ કાલિન સેવા આપનાર શ્રી જી. એસ. મનસુરીનું શેષ જીવન નિરામય અને પ્રવૃતિમય રહે તેવી શુભકામનાઓ પાઠવવમાં આવી**

બાયડ તા.૧

જિલ્લા માહિતી કચેરી,હિંમતનગર ખાતે ફરજ બજાવતાં શ્રી જી.એસ.મન્સુરી વયનિવૃત થતાં માહિતી કચેરીના સ્ટાફ દ્વારા ભાવસભર વિદાય આપવામાં આવી હતી. વિવિધ વિભાગોમાં ૩૮ વર્ષ અને ૪ માસ સેવા બાદ વયનિવૃત થનાર શ્રી મન્સુરને માહિતી પરિવાર દ્વારા શ્રીફળ અર્પણ કરી શેષ જીવન નિરામય અને પ્રવુતમય રહે તેવી શુભકામનાઓ પાઠવવમાં આવી.

વર્ષ ૧૯૮૪માં તાજપુરી (અશોકપુરા)માં જળા સંપત્તિ નિગમમાં ટ્યુબ ઓપરેટર તરીકે સેવામાં જોડાયા હતા. ત્યાર બાદ તેમણે દોલતાબાદ, નનાનપુર, તલોદ ખાતે પણ સેવાઓ આપી હતી. વર્ષ ૨૦૧૮ માં શ્રી જી.એસ.મન્સુરી જિલ્લા માહિતી



કચેરી,હિંમતનગર ખાતે જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા. સરળ અને સૌમ્ય સ્વભાવના શ્રી જી.એસ.મન્સુરીએ માહિતી કચેરીના સહકર્મીઓનો મળેલા સહયોગની ક્ષણને વાગોળી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.


આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ મછારે જણાવ્યું કે માહિતી કચેરી એ માત્ર ઓફિસ નથી પરંતુ પોતાના પરિવાર સમાન છે. આ પરિવારમાં હરહંમેશ પરિવારજનો સાથ સહિયોગથી હળીમળીને રહ્યાં છે.આજે આપણા પરિવારમાંથી શ્રી જી.એસ.મન્સુરી વય નિવૃત થઈ રહ્યા છે ત્યારે આ પરિવારમાં તેમની ખોટ વર્તાશે.પવનની દિશા અને સમયનો વહેણ વહેતા વાર લાગતી નથી તેવી જ રીતે જી.એસ.મન્સુરી સાથે કાર્યનો આ સમય જાણે ક્ષણભરમાં પુરો થયો થઈ ગયો. આ પ્રસંગે સહકર્મીઓએ શ્રી જી.એસ.મન્સુરી સાથેના પોતાના અનુભવો વર્ણવી નિવૃતીની શુભકામનાઓ પાઠવી હતી.

**મોડાસા શહેર ખાડામાં કે ખાડામાં શહેર....!!**

# વિકાસના કામમાં પાલિકા ફેલ કે પાસ..? ગજાનંદ સોસાયટીમાં પાલિકાનું કલાયમેટ ચેન્જડ..!

મોડાસા, તા. ૧

હાલ મોડાસા શહેરમાં ઠેર ઠેર ખાડાઓથી લોકો પરેશાન થઈ ચુક્યા છે. મોડાસા શહેરમાં ચાલી







રહેલા ગટરના કામકાજથી લોકો એટલી હદે હેરાન થયા છે કે, શુ કરવું તે સવાલ છે. કોન્ટ્રાક્ટર કેવી રીતે કામ કરે છે તે સમજાતુ નથી અને લોકોએ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ટૂંક સમયમાં ચોમાસુ દસ્તક દેશે પણ પાલિકાની કામગીરી ક્યારે પૂર્ણ થશે તે કાંઈ જ ઠેકાણા નથી. રોડ બનાવે છે અને પાછા ખોદી દેવામાં આવે છે.

મેઘરજ રોડ પરની ગજાનંદ સોસાયટીમાં ચોમાસા જેવી ઉનાળામાં સ્થિતિ... મેઘરજ રોડ પર આવેલી ગજાનંદ સોસાટીમાં જેવી સ્થિતિ ચોમાસામાં થાય છે તેવી જ સ્થિતિ ઉનાળામાં વર્તાઈ રહી છે. છેલ્લા ચાર વર્ષથી ગજાનંદ સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યાઓ સર્જાય છે, જેના ફોટોગ્રાફસ સોશિયલ મીડિયા પર શેર થઈ રહ્યા છે, પણ પાલિકાના પેટનુ પાણી ન હલતુ હોવાની વાતોએ ચર્ચાએ જોર પકડ્યું છે. હાલ આકરો ઉનાળો હોવા છતાં રસ્તાઓ પર ચાલવુ મુશ્કેલ બન્યું છે, પણ પાલિકાના અધિકારીઓ કે હોદ્દેદારોને જરાય સમય ન હોય તેવું લોકચર્ચાએ જોર




પકડ્યું છે. વિકાસના કાર્યોમાં રસ છે કે, પછીપ તેવી પણ લોકોચર્ચા કરી રહ્યા છે. સ્થાનિક કોર્પોરેટ પણ મત લઈને ગાયબ થયા હોય તેવુ લાગે છે.

રસ્તાઓ પર કાદવ-કીચડથી લોકો પરેશાન થયા છે અને ટૂ વ્હીલર વાહન ચાલકો પટકાઈ રહ્યા છે, જો વાહન ચાલક પટકાય અને મોટી જાનહાનિ થાય તો જવાબદાર કોણ તે પણ એક સવાલ છે. હાલ ઉનાળો છે ત્યારે ગજાનંદ સોસાયટીમાં ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થયું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે, ભૂગર્ભ ગટર નું કામ કરતા કોન્ટ્રાક્ટરો જેમ-તેમ કામ કરીને લોકોની હાલાકીઓમાં વધારો કરતા હોય તેવું સ્પષ્ટ લાગે છે. ચીકણી માટી પર કોન્ટ્રાક્ટરો ચાલી શકે છે પણ શહેરીજનો નહીંપ

ભૂગર્ભ ગટરનું કામકાજ જે રીતે થાય છે તેના પર સવાલો ઉઠી રહ્યા છે. ગોકળ ગતિએ ચાલતી કામગીરીને લઈને પાલિકાએ કડક કાર્યવાહી જે-તે એજન્સી સામે કરવી જોઈએ, પણ આવું કેમ થતું નથી તે પણ એક સવાલ છે. લોકોને હાલાકીઓ થાય તેવી રીતે કામ થાય તે કેટલા અંશે વ્યાજબી છે..?

# શામળાજી : પાણીના પોકાર વચ્ચે સરકીલીમડી અને કાગડામહુડા ગામમાં ૧૫ હેંડપંપ બંધ હાલતમાં : પાણી માટે દર દર ભટકતા લોકો

મોડાસા, તા. ૧

ભિલોડા તાલુકામાં હેડપંપ રિપેરિંગ ફક્ત કાગળ પર જ દર્શાવી નેં ગ્રાન્ટ ચાંઉ કરી જવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી છે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હેંડપંપની રીપેરીંગની કામગીરી ખાનાપૂર્તિ કરવામાં આવતી હોય તેમ અનેક હેંડપંપ બંધ હાલતમાં છે





કપરા ઉનાળામાં આ વિસ્તાર ની જનતા પાણી નાં પોકારો પાડી રહી છે ભિલોડા તાલુકો આદિવાસી વિસ્તારમાં છુટોછવાયો વિસ્તાર આવેલો છે સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં જુદીજુદી યોજના દ્વારા લાખો રૂપિયા નો ખર્ચ કરવામાં આવે છે પરંતું આ યોજના લાભાર્થીઓ ઘર સુધી પહોચતીજ નથી શામળાજી પંથકમાં આવેલ સરકીલીમડી કાગડામોહડા ગામમાં છેલ્લા કેટલાક સમયથી પીવાનાં પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે આ બંને ગામોમાં સરકાર દ્વારા હેનડપંપ બનાવેલ છે આ બંને ગામોમાં પંદર ઉપરાંત હેનડપંપ બંધ હાલતમાં છે દર વર્ષે સરકારી ચોપડે આટલાં હેનડપંપ રીપેરીંગ કરેલ છે બીલો બનાવી દેવામાં આવે છે પરંતું ગામડામાં આજની તારીખમાં હેનડપપો બંધ હાલતમાં છે નવા હેડ પંપો બનાવવામાં આવે છે તે પણ પુરતી ઉંડાણ માં બનાવામાં આવતાં નથી અધિકારીઓ તથા કોન્ટ્રાકટર ભેગા મળીને હલ્કી ગુણવત્તા વાડી પાઈપો ઉતારવામાં આવે છે જો વિજીલનસ દ્વારા તપાસ કરવામાં આવે છે મોટું કોભાંડ બહાર આવી શકે તેમ છે

### શું કહે છે કાગડામહુડા ગામના સરપંચ વાંચો

કાગડામહુડા ગામનાં સરપંચ કુનદનબેન વનરાજ ભાઈ ડામોરે જણાવેલ કે અમારા બંને ગામોમાં પાંચ હજાર ઉપરાંત ની વસ્તી વાળા ગામનાં લોકોને પાણીની મુશ્કેલી પડે છે ગામમાં વાસ્મો દ્વારા પાણી ની ટાંકી બનાવી છે તે પણ શોભાના ગાંઠીયા સમાન છે આ ટાંકી માં આજદીન સુધી પાણી ની ટીપું યે પડેલ નથી ગામમાં પંદર ઉપરાંત હેનડપંપ બંધ હાલતમાં છે રીપેરીંગ માટે રજુઆત કરી નેં થાકી ગયા છીએ અમો આ વિસ્તાર નાં ડેલીકેટ વનરાજ ડામોરે તથા બન્ને ગામનાં સરપંચ તથા આગેવાનો સાથે અરવલ્લી જિલ્લાના કલેક્ટર સાહેબ નેં રજુઆત કરવા માટે જવાનાં છીએ જો અમારા? વિસ્તારમાં પાણી ની સમસ્યા હલ નહીં થાય તો અમો ઝલદ કાયૅકમો કરીશું ગામમાં વાસ્મો દ્વારા પાણી ની ટાંકી બનાવી છે પરંતુ પાણી નું કનેકશન આજદીન સુધી આપેલ નથી. કપરા ઉનાળામાં આ વિસ્તાર માં પાણી ની ગંભીર સમસ્યાનો આ વિસ્તાર ની જનતા પાણી નાં પોકારો પાડી રહી છે જો ટુંક સમયમાં આ પાણી ની સમસ્યા હલ નહીં થાય તો આના પરિણામ ચુંટણી માં પણ પડી શકે તેમ છે

## કોંગ્રેસ તો આ વિષય ઉપર એક શબ્દ પણ ના બોલી શકે....

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૧

મોદી સરકારને કેન્દ્રમાં આઠ વર્ષ પૂર્ણ થયા એટલે સરકારની કામગીરીની આછી ઝલક પ્રસ્તુત કરવામાં આવી... આઠ વર્ષના સુશાસનમાં અનેક કલ્યાણકારી યોજનાઓ, લાભાર્થીઓ અને લક્ષ્યાંક ની માહિતી આપવામાં આવી... 'સરકારની ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજનાના બહૂજ ઊંચા લક્ષય મોદી સરકારે સર કર્યા છે!!' ૩ કરોડથી વધુ આવાસ બનાવીને રેકોર્ડ બનાવ્યો ,જાણે કે શ્રીલંકાથી વધુ વસ્તીના આખા દેશને આવાસ આપ્યા!! આજથી દસ વર્ષ પહેલાં કલ્પના પણ ના થાય કે ઘર ઘર પર રાંધણ ગેસ હોય... તેવુજ લક્ષય દેશની ૮૦% જનતાને ૫ લાખ સુધીની મફત સારવાર આપવાની યોજના લાવીને સિદ્ધ કરી દીધું....

"વન નેશન વન રેશન કાર્ડ" આ યોજના થકી ભારત ભરના ગરીબ વર્ગના લોકોને દેશના કોઈપણ રાજ્યમાં મજૂરી કરતા હોય પણ રાશનનો લાભ મળવા લાગ્યો... ખેડૂતોના ખાતામાં દર વર્ષે છ હજારની રકમ જમા કરીને સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો.... 'આમ મોદી સરકારની વાહ વાહ થતી જોઈને વિરોધીઓના પેટમાં ગરમ પાણી રેડાયું, આંખમાં મરચા પડ્યા!!' ગઈકાલે મોદી સરકારના દેશભરના કાર્યક્રમો જોઈને કોંગ્રેસીઓ તેમજ સહયોગીઓ ટી.વી. ડીબેટમાં ધૂંવા ફૂંવા થતા જોવા મળ્યા...

ભાજપે ૮ વર્ષમાં મોંઘવારી વધારી, બેરોજગારી ઉભી કરી એવા ગોખેલા ગાણા કોંગ્રેસ ગાતી રહી. ગઈકાલની ટી.વી. ડીબેટમાં કોંગ્રેસનું ખૂબ નાક કપાયું.... રાજકીય વિશ્લેષકોએ રોકડું પરખાવ્યું કે બીજા જેમને પણ સરકારની ટિપ્પણી કે ટીકા કરવી હોય તે કરી શકે છે પણ આ બાબતમાં કોંગ્રેસે એક શબ્દ પણ ના ઉચ્ચારવો જોઈએ!! 'કોંગ્રેસે ૬૦ વર્ષ એક હથ્થુ શાસન કર્યુ અને "રોટી-કપડાં-મકાન" નું સૂત્ર ગાયું પણ તે દિશામાં કોઈ ઠોસ પગલાં ૬૦ વર્ષમાં ના ભર્યા!!' આ કોંગ્રેસ ૮ વર્ષના ભાજપના શાશનને કેમ પડકારી શકે કે જેમણે ૮ વર્ષના ટૂંકા ગાળામાં બહૂજ મોટા લક્ષય સિદ્ધ કરી બતાવ્યા હોય!!

કોંગ્રેસ તેમજ વિરોધીઓને ક્યાં ખબર છે કે આ "મોદી" જુદી માટીના બનેલા છે.... 'મોદીજી નથી પોતે શાંતિથી બેસતા કે નથી કોઈને બેસવા દેતા!!' સતત વાયબ્રન્ટ રહીને સૌને વાયબ્રન્ટ કરનાર મોદીજીનો વિકલ્પ દૂર દૂર સુધી ક્યાંય દેખાતો નથી... મોદીજી એ ભારતની જનતા ઉપર સૌથી મોટો ઉપકાર એ કર્યો છે કે હવે ભારતમાં સત્તા ઉપર આવનાર કોઈપણ પક્ષની સરકાર હશે તેમને જનતાને કામ આપવુજ પડશે જો સરકાર ભૂતકાળની જેમ બેસી રહેલી કે સુતેલી હશે તો તે ૫ વર્ષ તો નહીં પણ ૫ મહિના પણ ટકી નહિ શકે, લોકો જ તેમને જડમૂળમાંથી ઉખાડીને ફેંકી દેશે.

## બાયડના ૪ છાત્રોએ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ મેળવ્યો

**ઝાન્સી પટેલ સહિત ઉપર ૪ છાત્રો ઉપર અભિનંદન વર્ષા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧



ખેલ મહાકુંભના કારણે અનેક બાળ પ્રતિભાઓને ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવાની તક મળી છે. બાયડ કેળવણી મંડળ સંચાલિત પ્રા. શાળાના ચાર છાત્રો જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ મેળવી બાયડ માટે આગવી આશા ઉભી કરી છે. ઝાન્સી પટેલ સહિત ચાર છાત્રો ઉપર અભિનંદન વર્ષા શરૂ થઈ છે. જીવનમાં ભણતરની સાથે રમત-ગમતનું પણ આગવું મહત્વ રહેલું છે. મન પ્રફુલિત હોય પણ તન પ્રફુલિત ન હોય તો નિર્ધારિત ગોલ મેળવવામાં અનેક અડચણ ઉભી થતી હોય છે. બાયડ કેળવણી મંડળ સંચાલિત પ્રા. વિભાગમાં અભ્યાસ કરતા ઝાન્સી નિમેષભાઈ પટેલ, જેનીશ પલકભાઈ પટેલ, જૈમીન હર્ષદભાઈ પરમાર તથા પ્રાચી હેમંતકુમાર ભાવસારએ રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ કરી ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ શાળામાં પ્રવેશ મેળવી બાયડને ગૌરવ અપાતાં બાયડ કેળવણી મંડળ અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ એચ. પટેલ, મંત્રી વિનુભાઈ જે. પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલ સાબરકાંઠામાંથી મળેલા શંકાસ્પદ કપાસના બિયારણના મુદ્દે મૌન ધારણ કરતાં ખેડુતોમાં રોષ

**ઝડપી ટેસ્ટીંગ રીપોર્ટ જાહેર કરવાના બદલે રીપોર્ટ જાહેર નહિ કરવાની ખંધી ચાલ, સરકાર સામે ખેડુતો મોરચો માંડશે**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલ આમ તો તેના આખાબોલા સ્વભાવ અને ખેડુતોને અન્યાય થાય તો સરકાર અને અધિકારીઓ સામે શિંગડાં ભરાવવા માટે જાણીતા છે પરંતુ પ્રધાનપદ મળ્યા પછી ખેડુતોને થઈ રહેલા અન્યાય તેમજ સાબરકાંઠામાંથી મળેલા શંકાસ્પદ કપાસના બિયારણ મુદ્દે મૌન ધારણ કરતાં ખેડુતોમાં રોષ વ્યાપ્યો છે. કપાસના બિયારણથી ખેડુતો છેતરાઈ જવાનો ભય ઉભો ગયો છે જ્યારે ૧૮ હજાર કિલોગ્રામ શંકાસ્પદ કપાસના બિયારણના જથ્થાના સેમ્પલ લેવાયા છતાં ૨૨ દિવસ પછી ટેસ્ટીંગ રીપોર્ટ જાહેર ન થતાં સીસ્ટમમાં ક્યાંક સડાનો પગ પેસારો થયાની આશંકા મજબૂત બની છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં ચોમાસું આવે એટલે બનાવટી બિયારણનો વેપલો પુરજોશમાં શરૂ થઈ જાય છે. મોટાભાગના અધિકારીઓના સગાંઓ કે તેમના મિત્રોની બિયારણ ફર્ટીલાઈઝરની દુકાન હોવાથી માત્ર દેખાડા પુરતી તપાસ થાય છે. ગત સપ્તાહે આંતર જિલ્લાની ટીમોએ બિયારણ, ખાતર, દવા વેચતી દુકાનોમાં તપાસનો દેખાડો કરી ખીસાં ભરીને રવાના થઈ ગયા. કેટલાંક કિસ્સાઓમાં તો લીધેલાં સેમ્પલ પાછા મુક્યાની લોક ચર્ચાએ ખુદ તપાસના તાયફાને કઠેરામાં લાવી દીધો છે. ગત રોજ તલોદ મામલતદાર કચેરીનું લાંચીયો ક્લાર્ક લાખોની રોકડ સાથે ઝડપાયો જ્યારે ખાતર બિયારણની ચકાસણી માટે આવેલી ટીમોના વાહનોની તપાસ થઈ હોય તો આનાથી ચોંકાવનારી વિગતો બહાર આવી શકી હોત. પરંતુ ખેડુતોનું હિત જોવાવાળું કોઈ નથી તેવું ચિત્ર ઉપસ્યું છે. ગત મહિને વડાલીની ચાર જીનીંગમાંથી શંકાસ્પદ કપાસનો બિયારણનો જથ્થો મળી આવ્યા પછી ખેડુતોને સંતોષ થાય તે પ્રકાશે તપાસ થઈ નથી ઉલટાનું લેબ ચકાસણી રીપોર્ટ જાહેર ન કરી ખેતી વિભાગે બળતણમાં ઘી હોમ્યા જેવો પ્રયાસ કર્યો છે. કૃષિમંત્રી રાઘવજી પટેલ દ્વારા અનેક વાર બનાવટી બિયારણના વેપલા સામે વિભાગ ઠોસ કાર્યવાહી કરશે તેવા ભાષણ આપેલા છે પરંતુ સાબરકાંઠાથી મળેલ શંકાસ્પદ બિયારણના મુદ્દે છેલ્લા ૨૨ દિવસમાં હરફ ઉચ્ચાર્યો નથી અને ઉચ્ચાર્યો હોય તો તે જાહેરમાં ક્યાંય સાંભળવા મળ્યું નથી. કૃષિમંત્રી ખેડુતોનું સાચા અર્થમાં હિત ઈચ્છતા હોય તો આગામી ૨૪ કલાકમાં જ કપાસના બિયારણના સેમ્પલનો રીપોર્ટ જાહેર કરાવે જેથી બિયારણ ૪-જી પ્રતિબંધિત છે કે કેમ ? તેની વિગતો સામે આવે. કેટલાંક જીનર્સ બચવા માટે હવાતિયા મારતા અને સચિવાલય આસપાસ આંટા મારતાં દેખાયાની લોકચર્ચામાં તથ્ય હોય તો સીસીટીવી કેમેરા પંદર દિવસમાં ઘણુંબધું કહી શકે છે.